શ્રી ગણેશાય નમઃ

મધુરબાળા

નાટકનો ટુંક સાર અને ગાયનો

શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ માટે

પ્રયોજક

રામનારાયણ મોહનલાલ પાઠક.

મુંબઈ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

પ્યારેલાલ વિઠ્ઠલરાય મહેતા,

'શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ' ના માલેક. (અમદાવાદ)

વિક્રમાર્ક ૧૯૬૯ ઇ. સ. ૧૯૧૪.

આવૃતી બીજી. પ્રત ૧૦૦૦.

કીમત બે આના.

કરાંચી

શ્રી નેશનલ પ્રેસ મધે એ. ખ.
સાધવાણીએ છાપ્યું છે.

નાટકનાં મુખ્ય પાત્રો

પુરૂષ વર્ગ

વિજ્યસેન—વિજ્ય નગરનો રાજા

ચંદ્રકુમાર—વિજ્યસેનનો નવો પ્રધાન

ક્રૂરસિંહ—વિજ્યસેનનો પિત્રાઇ ભાઇ

કપુરચંદ—એક વાણીઓ

કાળીદાસ—પૈસાનો લોભી ક્રય વિક્રય કરનાર

હરિલાલ—કપુરચંદનો છોકરો

સ્ત્રી વર્ગ

મધુરમાળા—ચંદ્રકુમારની પત્ની

ભાનુમતિ—વિજ્યસેનની રાણી

સુશીલા—ક્રૂરસિંહની સ્ત્રી

જડી—કપુરચંદની સ્ત્રી

મેના—કાળીદાસની છોકરી હરિલાલની સ્ત્રી

આ સિવાય દાસ દાસીઓ વારાંગનાઓ દરબારી વિગેરે વિગેરે.

સ્થળ:—વિજ્યનગર તથા તેની નજીકનું જંગલ.

શ્રી ગણેશાય નમઃ

મધુરબાળા

નાટકનાં ગાયનો

મંગળાચરણ.

(૧)

સુત્રધાર બાળાઓ } સરજનહાર સુખદાતાર વંદુ નેહ વિભુ વાર વાર,
ભવ ભયહર જગદાધાર મતિ દેજે પ્રભુ વિમળસાર;

જગત વંદ્ય વિભુ અનંત યાચું કૃપા તુજ વિજયવંત.

કૃતિ બનો સુખદ અપાર સર્વદા સુખદા;

વિજય રતિ દેજે કિરતાર સદાય, સદાય, સદાય.

(૨)

બાળાઓ—મહિમા છે મોટો સતિનો સાહેલડી (૩)
અમરાપુરીની અમર સુખ વેલડી (૩) ...મહિમા.

ગુણવંતિ પતિ તણા ચરણે ચિત્ત રાખે,

કુળવંતી મુખથી અસત્ય ન ભાખે;

પતિના ગુણ ગાને સદા બને ઘેલડી (૩) ...મહિમા
સ્વર્ગ સમો સુંદિર બનાવે સંસારને,
પુણ્યવતિ પ્રમદાઓ પાળી સદાચારને;
અજ્ઞાની શું જાણે એરંડો કે શેલડી (૩) ...મહિમા.

(૩)

દરબારીઓ—રહો અમર અજર રાજ,
સૂર્ય ચંદ્ર સમ તપો તાજ;
જશ જામો જગે તમ રાજ,
પામો નિત્ય નવાં સુખ સાજ;
પાળો પ્રજા પ્રેમે ન્યાયે વિરામો,
વિમળ યશ દશે દીશ જામો;
ન્યાયી ગરીબ નવાજ....................રહો

(૪)

બારાંગનારાઓ— કામણગારી કારી તારી નયન કટાર,
સાન ભાન ભૂલી સહુ ઘેલી વ્રજનાર...કામણ.
નયન ભરી નીરખે રતિવલ્લભ
સુંદરી રસ સૃંગાર ....કામણ.
અધર સુધારસ પાયે અધરથી
કોમળ કળી સુકુમાર.........કામણ.

(૫)

મધુરબાળા—મંગળ દિન સુહામણો, આનંદ ઘર ઘર આજ
પ્રજા પાળ ભુપાળનાં, ન્યાયે તપો આ રાજ
અવસર અનુપમ અતિ સુખદ ધન્ય દિન આજનોરે
મંગળ મુદભર જન મન પ્રફુલીત
નરવર ગુણ ગાનેરે.................અવસર
ધર્મ ધુર ધર છે નૃપતિ આ ઈંદ્ર દેવ અવતાર
વિજયી જય અવિચળ જગપર જામો...અવસર

(૬)

મધુરબાળા—અધિરાજ રાજો રસિગા તખ્તે
સુખે ચિરકાળ
શરતાજ લ્યો આપું વધાઇ
મહારાજ ધો સુખને સ્થાઇ...અધિ.
ઊમંગ પ્રજામાં અનવધી ઉર હર્ષે નવ માય
મંગળ દિન છે આજનો ઘરઘર ઉત્સવ માય—

(૭)

[illegible]—દૂર થારે રે અહીંથી તું જા જા દૂર થા
નહીં બોલું બોલાવે શાને? દૂર થા

માનો પ્યારા સ્વામી મારા
કરગરી વિનવે છે આ દારા
પ્હેલી માની નહીં કાં માને
આંસુ પાડે છે શાને
નકામી રીશ કરો શું આમ
તારી સાથે બોલવું મારે હરામ
બોલો વ્હાલા બોલો હસીને શ્યામ
તમે મારા અંતરના આરામ દૂર થા

( )

હરીઓ—હહ હું અકકલનો કયાં અંધો છું ?
પુરો ખોડીલો ખંધો છું
અકકડ એવો ફકકડ છું
જકકડ જબ્બર ધન ચકકર છું
રૂપે રૂડો છું હું ભારી મોહી પડે જોઇ તારી
છેલ છબીલો છું અલબેલો કાલો ઘેલો હા હા
હું ઘરનો છું ઘેટો નહિ અકકલથી છેટો
આ વડ તેવો ટેટો કપુત્રઆનો બેટો—હું

(૯)

સખીઓ } બની ઠની આલી કયાં તું ચાલી ઉભી રહે
મધુરબાળા } મુખ મલકાયે રસ છલકાયે અંગે આવડી શ

અંતર ડોલે ધીમું ધીમું સ્વેદે ભીંજાય શરીર,
નયન કુરંગી ચીન્ત ચતુરંગી ગુણીયલ ગુણ ગંભીર,
નવ પલ્લવ ખીલી રહી, વસંત જગ મોઝાર,
મધુકર રસ ચુસી રહયા, કુસુમ કળી અનુસાર.
ખીલી નવેલી તારી વસંત વેલી ઘેલી એ છાક છકેલી
ચિન્ત ચળેલી કહે મન મેલી મળવા મોહનને બની ઘેલી

(૧૦)

સખીઓ—
મધુરબાળા—
મદ ઘેલી માનુની માન મોંઘા મોહનને મનાવજે,
રંગ ભોગી રસીયાને વ્હેન રસના પ્યાલા પીવરાવજે.
હૃદયે ઝુલાવજે શાન્તિ સજાવજે,
એ...લ્હાવ લઇ લાખેણો દુનિયાં ડોલાવજે...મોંઘા
છોડ કેડો હારી હું તુંથી બાઇ,
બાઇ શાને કરે ચતુરાઇ;
જાણી મેં સફાઈ,
મધુર અધરામૃત પાને લોભાવજે... ...મોંઘા.

(૧૧)

મધુર બાળા—નેહ નજરે નાર નિહાળી ભવસાગરથી તરજો
ભામા ભવરણ તારણ શાણા શીખામણ ઉર ધરજો

અહિણીથી અહ સજ કરજો... ... ...નેહ.
અહની દેવી છે ગુણવંતી બાળા
ભામા ભક્તિ પ્રીતી દાનથી લાલા
વસ્ત્રાભુષણ રીઝવવાના ચાળા
સઘળી સંપત એક સ્નેહમાં વ્હાલા
પ્રેમ તણા પંથે વિચરજો નેહ

(૧૨)

સુશીલા—ચેતજો જગની જુઠી જંજાળ છે
ભાન ભુલે તો ભવમાં એ હાલ છે
મોહે મુરખા શું મલકાયે કોના ધન ધામ અને માલ છે
અભિમાનમાં છેક જાયે છકી શું, માથે તાકી રહયો કાળ છે
કાયાનો પાયો કાચો સમજજે માયા તણી મધ લાળ છે
અજ્ઞાને અથડામાં અંધા ધરતીનો વસમો ઢાળ છે
ખીલ્યાં તે ખરવાને કાજે સઉની અંતે એક ચાલ છે
કાળને ઝપાટે ઝડપાઇ જાતાં કોઇ બુઢા કોઈ બાળ છે

(૧૩)

કાળીદાસ—કોઇ કરે કમાણી તન તોડી
કો ભરે પેટ નિજ કર જોડી

કોઇ ઘર ફોડી પત્થર તોડી
પણ કરમે મળતી નહીં કોડી
અક્કલ સઉની ગઇ છે ખુટી
સમજે નહીં કો સાચી જુઠી
ધંધો એવો કાઢયો ગોતી
બેટી વેચી ભરતી પેટી... ... ... કોઈ

(૧૪)

વિજયસેન—પસ્તાઉ મુજ દોષ નિહાળી
સાહસમાં ભય સદાય રહયો છે.........પસ્તાઉ
સાહસથી રાવણ રોળાયો
દુર્યોધન મરી દુઃખે ગયો છે પસ્તાઉ
ઇંદ્ર ચંદ્ર ને કંસ તણો વળી
સાહસે શ્રાપથી કાળ થયો છે.........પસ્તાઉ

(૧૫)

વારાંગનાઓ—જાઓજી નાહીં રોકો હો નંદના કુમાર
દેખે છે સખી મારી
ઉભી છે જુઓ બહાર
શામળીઆ જીવન હાર..............નાહીં
રાધે ઘેલી પ્રીતિની વેલી
અધર અમીરસ પાઓ અલબેલી
હઠ કરો શાને વ્હાલા જોશે કોઇ નાર (૩) નાહી

(૧૬)

મધુરબાળા—અકળ છે આ કૃતી જગતની ન્યારી
કળાએ ન.હીં કોથી કળા એ ભારી
મુંઢ વ્યર્થ ફરે અરે હું પદ ધારી........અકળ
વિધીના લેખો કોથી ટાળ્યા ટળેના
એવું જાણે તોય અંધ થઇ
મદમાં જાયે છકી છેક
બને અવિચારી...........અકળ

(૧૭)

મધુરબાળા—મોહે બનો શું અંધારે ઉંધા કરો શું ધંધારે
નવ ધર્મ તજો હાંરે નવ ધર્મ તજો
કદાચ વિષ પીવું સ્હેલું પણ જેમ હણેછે પ્રાણ
પરસ્ત્રી સંગત તેવી જાણો જેવી છે નરકની ખાણરે
ડાહ્યા દીલમાં વિચારોરે એળે જાયે જન્મારોરે.નવ.
વિશ્વે વનિતા અનેક છે પણ સઉમાં એક વિલાસ
જેમ ગોરી કે કાળી ગાયના પયની છે સરખી
મીઠાશરે—મોહે૦

(૧૮)

સુશીલા—અબળાના બેલી વ્હાલા મારા સુંદર શ્યામળા
બહુ નામી જગ જનના સ્વામી લજ્જા રાખો શ્રી ઘનશ્યામ

નટવર નાગર દીન બંધુ કેશવ કરૂણાના સીંધુ
પ્રેમથી પ્રભુજી લ્યો ઉગારી સુંદર શ્યામળા બહુ નાગ
વ્હાલા ગોવરધન ધારી વિનતી લેજો સ્વીકારી
ભવ ભય હારી લ્યો ઉગારી...સુંદર શ્યામળા બહુ ન

(૧૯)

મેના—ખીલ્યાં શાં રંગ બેરંગી ફુલડાં
દિલ રંગી છે સુગંધી
રંગીરે મીષ્ટ સુવાસી ફુલડાં..............ખીલ્યાં૦
ખીલી ફુલવાડી મારી રૂડા રસાળી
મળયો એ દરદી (૨) માળી રે
કાંઇ સમજે ના મુલડાં..................ખીલ્યાં
ભોગી ભ્રંગ મલ્યો નહીં રસ રાગી
ગઇ કરમાઇ ને સુકાઇ
બાઇરે કહું કોને એ દુઃખડાં...........ખીલ્યાં

(૨૦)

મેના-હરી—કુંવારૂં રહેવું ઘણુંજ સારૂં
બળ્યું પરણવાનું અરેરે...બળ્યું

મારો ધણી જો નહી મલેતો
જુગ જુગ રડવાનું અરેરે—જુગ૦
પ્રેમથી રમાડું તને વહાલા હમેશાં
ખાલી તું શીદ અકળાય—ઓ વહાલી ખાલી૦
પૈસા ના લોભે પુત્રીજે વેચે
તેનું સત્યાનાશ જાય
મેના તું ક્યારે હવે મારી થાય
કજોડાની કહેણી જગતમાં કહેવાય—
— એથીતો — કુંવારૂ૦

(૨૧)

ચંદ્ર—દાવ દશા પલટે પલક પલક માંહી
કોઇ સુખી નાંહી ખલક માંહી ... ... દાવ૦
ક્ષણમાં અમીરી ક્ષણમાં ફકીરી
એજ છાયા જગે છાઇ ... ... દાવ૦
રંગ સંધ્યા તણા જ્યમ બદલાતા
તેમ સ્થીતી સ્થીર નાહીં ... ... દાવ૦

(૨૨)

મેના-હરી—પ્રીતમજી છોડીદયો છેડલો, મુકોને કેડલો
આઘા રહો આઘા અલબેલડા

દિધા છે રોકડા ખણખણતા દોકડા
તુજને પરણવાને પ્યારી
પૈસાના લોભે પિતાએ મુજને ઉંડા કુવામાં ઉતારી.
જો તું રડીશ તો હું પણ રડીશ હો
છાનીરે છાનીરે વ્હાલી.
× × × ×
× × × × ... પ્રીતમજી.

(૨૩)

મધુરબાળા—તાત દયાળુ દેજો વર વરદાઇ
સંકટ ટાળો શીશુનાં કર સાહી. તાત.
પિયુ વિયોગે અકુલી અટવાઇ
તલખી વિલખી દીલ જાય મુંઝાઇ
જાયે જીવન દોર તુટી વછુટી
યાચું શરણ તુજ અતિ સુખદાઇ. તાત.

(૨૪)

ચંદ્ર— પ્રાણ વિદારક બન્યો વિનાશક
પાળી પંખી પ્રેમ ભાળું
છેહ દઇને દુઃખે રોળ્યું મેં
તે ત્રાસ સ્હેવાયે ના. પ્રાણ.
શાને બન્યો હું અવિચારી

હતી પ્રેમ ભોળી સતિ એ નારી
થઇ અતિ અવિચારી મતિ અતી ક્રુર ધારી
રીબાવી બાળા બીચારી
દુઃભાવી ભોળીને તે ત્રાસ સ્હેવાયે ના. પ્રાણ.

(૨૫)

સાહેલી—પંથ સતિ ન્યારો રે કંથનો
ભેદ નહીં જેમાં ભગવંતનો
સુખ દુઃખ માંહી સદાય બનતી જીવન સંગી પ્રેમદા
પિયુ દર્શનથી દીવાની થાતી પ્રેમની રંગી સર્વદા...પંથ
જાપ જપે છે નાથ નામનો
વિશ્વ પિયુમાં દેખે રે
છે પ્રિયતમ ગુણની એ ઘેલી
જગદેવી જશવંત ....પંથ.

(૨૬)

મધુર-ચંદ્ર—જાઓ જાઓ અલબેલા છો ઘેલા
છેલા જાઓ છોડા છોડા છેડલો
અલબેલા રસઘેલા મનમેલા
છો મન મોહન મારો મૂકો કેડો જાઓ.
આવો આવો ભેટો રસીલી
પ્રેમ સુધારસ પાઓ છબીલી
બોલ રસાળા યોગિની બાળા
છોડીધા ચાળા છો મધુરબાળા

(૨૭)

મધુર } જય જય વ્હાલા વિશ્વાધાર,
ચંદ્ર } વિશ્વ વ્યાપક દીન બંધુ ગુણના ભંડાર. જય.

અલખ લખ ઘટ ઘટ મનોહર લીલા અપરંપાર,
તવ કૃતી ગતી અગમ નિગમ પામે નહીં કો પાર. જય.
શીર સંકટ ન્યાયીને અન્યાયી સુખ મોઝાર,
રમ્ય શી રચના જગતમાં કીધી તેં કીરતાર. જય.

(૨૮)

વિજયસેન—કોઇ આવોને મીલાવો પ્રિય પ્રેમદા રીઝાવો
મારૂં મન આ મનાવો કોઇ સુંદરી એ લાવો
તન મન ધન અરપું સુખને કાજ.........કોઇ
દિન પરે જે રાખી દયાને
અંતર અઢળક દાખે મયાને
સુખ દુઃખ કરતી સહન—રાત–દિન ઉરે હાં
ચિન્ત શાન્તિ અતિ થાય..............કોઈ

(૨૯)

હુરી–મેનાં—કોડીલા કંથ કોડ પુરો ઉમંગથી
પ્રીતિના રંગથી પ્રિતમ આનંદથી કોડીલા.

× × ×
× × ×

સોનેરી સાડી સ્વામીજી મંગાવો...

નિત્ય નવાં ફેશનનાં પોલકાં કરાવો
કરનાં કંકણ નકવેસર એરીંગ લાવો
મોતીની માળા પ્યારા લાવો કંઠે સોહાવો
પ્હેરી ઓઢીને ફરૂં હું તો ફેશનથી— કોડીલા.

(૩૦)

રાણી—અહા આજે આનંદ હું ધારૂં
હું પામી આજે સુખ
જાળ છેદી પાપીઓને હું સંહારૂં— અહા.
સત્ય સહાયક હે। સુખ દાયક
લજ્જા રાખી વ્હાલા શ્રી જગનાયક
સ્વામીને પામીને સુખે વિરામુ હું
ધન્ય ઘડી દીન આજે અનુપમ
મંગલ પામી હું મારૂં.....................અહા.

(૩૧)

સર્વે— મંગલ દીન આજે આનંદ અપાર
સંકટ આજે સહુનાં ટળ્યાં
જગ માંહ સહુ જન પામ્યાં સુખદ સંસાર. મંગલ.
કરો દયા અમા ભરો દ્રગ આ જગતપર
ભરો સહુ સ્થળમાં શાન્તિ
પુન્ય પંથ જયકારી ભાઙ ભાંગ ભયહારી
કરજો વિભુજી પ્રેમે ઉદ્ધાર મંગલ.

સમાપ્ત.

કરાંચી—"નેશનલપ્રિંટિંગ" પ્રેસ મધ્યે અ. ખ. સીધવાએ છાપી.

જાહેર ખબર.

અમારી કંપનીના નીચલા નાટકોનાં ગાયનેની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કિંમતે રોકડેથી અથવા વેલ્યુપેબલ પાર્સલથી મંગાવ્યાથી મળશે.

ચોપડીનું નામ.		કિંમત.
માયા મોહની....	....	....૦–૨–૦
માનવી પ્રપંચ....	....	....૦–૨–૦
માલતી-માધવ	....	....૦–૨–૦
નીતિ લતા	....	....૦–૨–૦
મધુરબાળા	....	....૦–૨–૦